
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગુજરાતના ૧૯ ટકા પરિવારો મોબાઈલ-ટી.વી. વિના જીવે છે!

આંકડાઓ કોઈપણ હોય, તે વસ્તીગણતરીના આંકડા કે અન્ય કોઈપણ હોય, સીધી રીતે તે આંકડા જ લાગે, પરંતુ આંકડાઓ માત્ર આંકડાઓ જ નથી હોતા. એ આંકડાઓની સાથે માહિતી પણ જોડાયેલી હોય છે. જો એ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે તો એ માહિતી ખાસી એવી જાણકારી આપતો દસ્તાવેજ છે એમ કહી શકાય. આ ઉપરાંત આ માહિતી માત્ર માહિતી જ નથી હોતી પરંતુ રસપ્રદ માહિતી હોય છે. આવી રોચક માહિતીઓ ૨૦૧૧ની વસ્તી ગણતરી અહેવાલમાં પણ પણ એકત્ર કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે ૯૦ના દાયકા પછી ભારતમાં આર્થિક ઉદારીકરણનો પવન શરૂ થયો. અલબત્ત આવડો મોટો દેશ અને વસ્તીની વિશાળ સંખ્યાને જોતાં ભારતમાં વિવિધ વપરાશની વસ્તુઓ જેવી કે ટેલિફોન, રેડિયો ટીવી મોબાઈલ આ બધું જ સમગ્ર ભારતમાં ગામ હોય કે શહેર સુધી પહોંચે એના માટે ખાસો સમય-ઘણા વર્ષો લાગે. એ રીતે ભારતમાં




## ગુજરાતમાં ટી.વી. કરતાં મોબાઇલ વધુ

સેન્સસ જેને વિશેષ પ્રકારની અસ્ક્યામતો તરીકે ઓળખાવે છે એવી સંપત્તિ રેડિયો, ટેલિવિઝન, લેપટોપ, કમ્પ્યુટર અને મોબાઈલ વગેરે વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૦ દરમિયાન ભારતીયોને સરળતાથી ઉપલબ્ધ થવા માંડ્યું. સેન્સસમાં આવી દસેક જેટલી બાબતોને વિશિષ્ટ સંપત્તિ તરીકે દર્શાવીને તેની વિગતો એકત્ર કરવામાં આવી છે.: આ વિગતો પૈકી આપણે આજના લેખમાં જુદી-જુદી વિગતોને આંકડાઓને આધારે જોઈશુ અને સમજવાનો પ્રયાસ કરીશું. આ કોલમમાં આપણે મોટાભાગે ગાંધીનગરને સ્પર્શતી આંકડાકીય માહિતીઓને વધુ પ્રાધાન્ય આપીએ છીએ. ગાંધીનગર ગુજરાત સાથે સંકળાયેલું છે ત્યારે આજે સૌપ્રથમ વિશિષ્ટ અસ્કયામતોના સંદર્ભમાં ગુજરાતના આંકડાઓને આધારે રાજ્યની સ્થિતિ આપણે પહેલા સમજીશું.

વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ એમ દર્શાવે છે કે ગુજરાતના કુલ એક પોઈન્ટ ૧.૨૧ કરોડ પરિવારોમાંથી માત્ર ૧૯ ટકા પરિવારો જ એવા છે કે એમની પાસે રેડિયો (ટ્રાંઝિસ્ટર) છે જ્યારે કુલ પરિવારના અડધો અડધ પરિવારો પાસે એટલે કે ૫૪ ટકા પરિવારો પાસે ટેલિવિઝન સેટની સુવિધા છે. એવી જ રીતે જો આપણે કોમ્પ્યુટર/લેપટોપની સુવિધા જોઈએ ૯ ટકા પરિવારનો હિસ્સો એ બન્યું છે. પરંતુ ઈન્ટરનેટ સેવાની વિગતો જોઈએ તો એ પૈકી ત્રણ ટકા પાસે જ એ સુવિધા છે.

અત્રે જાણવા જેવી વાત એ છે કે ગુજરાતમાં ઘરમાં ટેલિવિઝન સેટની ટકાવારી કરતા મોબાઈલની ટકાવારી વધુ છે. કુલ ૫૮ ટકા પરિવારોમાં મોબાઈલ વપરાશ થાય છે. બહુ થોડા દિવસોમાં મોબાઈલે પોતાનું સ્થાન કુટુંબના સભ્યોમાં લઈ લીધું તે આ વિગતો દર્શાવે છે. કદાચ ટી.વી. ના હોય તો ચાલે પણ મોબાઈલ તો હોવો જ જોઈએ એવુ વલણ આંકડાઓ દર્શાવી રહ્યા છે. એવી જ રીતે જ્યારે આપણે વાહનની માહિતી જોઈએ તો ૩૪ ટકા પરિવાર પાસે દ્વિચક્રી વાહનો છે તો ૬ ટકા પરિવારો પાસે ફોર વ્હિલરની સુવિધા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ખરીફ ઋતુનું વાવેતર ૫૨ હજાર હેક્ટરમાં સંપન્ન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૫૨ હજાર હેક્ટર જેટલુ થઈ જવા પામ્યુ છે.

સારા વરસાદની આશાએ ખેડૂતોએ ખરીફ વાવણી વેગીલી બનાવી છે. જો કે જિલ્લામાં હજુ બે જ તાલુકામાં વાવણીલાયક વરસાદ થયો છે પણ આગામી દિવસોમાં સારા ચોમાસાની આશા ખેડૂતો રાખી રહ્યા છે.

આ વખતે ખેડૂતોએ લીલા પડવાશની ખેતી પણ સારી એવી કરી છે જેમાં શણ ૨૪૩ હેક્ટરમાં, ઈકડ ૫૧ હેક્ટર અને ગવારની ૭ હેક્ટરમાં ખેતી કરી છે. ડાંગરના ધરૂવાડિયા પણ ૬૧૫ હેક્ટરમાં કરાયા છે.

સારા ચોમાસાની આશાએ ખેડૂતો અત્યાર સુધીમાં કપાસનું વાવેતર ૨૨,૬૯૩ હેક્ટરમાં અને મગફળીના પાકનું ૫૪૧૫ હેક્ટરમાં કરી દીધુ છે. શાકભાજીના પાકોનું પણ ૬૬૬૨ હેક્ટર વિસ્તારમાં થયુ છે. આ ઉપરાંત પશુધન માટે ઘાસચારાના પાકનું પણ વાવેતર ૧૬,૬૭૫ હેક્ટરમાં કર્યુ છે.

જિલ્લામાં ડાંગરનું ૨૨૭ હેક્ટરમાં, બાજરીનું ૧૦૧૭ હેક્ટરમાં મગનું ૨૧૫ હેક્ટરમાં, અડદનું ૧૬ હેક્ટરમાં તેમજ ગુવારના પાકનું ૧૧૬૪ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયું છે. તુવેરનું વાવેતર પણ થોડુ થયુ હોવાના અહેવાલો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ ટકા જેટલો વરસાદ થયો છે અને આગામી દિવસોમાં સારો વરસાદ થશે. નબળા ચોમાસા પછી સારો વરસાદ થશે તેવી જિલ્લામાં સામાન્ય પરંપરા રહી હોવાનું ખેડૂતોનું માનવુ છે. ૨૦૧૭ના ચોમાસાને બાદ કરતા ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૮માં વરસાદની ઘટ હતી.





ચાતુર્માસ પ્રવેશ -જૈનાચાર્ય શ્રી ઉદયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ સાહેબના હૃદયસ્પર્શી પ્રવચનો હવે ગાંધીનગર જૈન સંઘ સેક્ટર-૨૨ના વિશાળ મંડપમાં યોજાશે. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે જિલ્લા પંચાયતથી સેક્ટર-૨૨ જૈન દેરાસર સુધી ભવ્ય વરઘોડા સહિત ધામધૂમથી પ્રવેશ થયો છે. જેમાં અંદાજે ૨૨૦૦થી વધુ ભાવિકો હાજર રહ્યા હતા. અમદાવાદ, મુંબઈ પરફેકટીંગ યુથ સેશ (પીવાયએસ)ના નેજા હેઠળ ૧૦૫ વિષય ઉપર અલગ અલગ વિષય ઉપર ૧૦૫ શિબિરોનું આયોજન કરેલું છે. સૌથી વધુ સેમિનાર બદલ તેઓને ઈન્ડિયન ઈન્ડિયા બુક ઓફ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.પ્રવેશ પ્રસંગે પીવાયએસ યુવકો-યુવતીઓ પ્રવેશ બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ, અંધશાળા, બહેરા મૂંગા શાળા, સેક્ટર-૬ વૃદ્ધાશ્રમ, સ્પેશિયલ બાળકો, કૈલાસધામ વૃદ્ધાશ્રમ વગેરે દરેક જગ્યાએ ફ્રુટ વિતરણનું શુભ કાર્ય કર્યું હતું. ગુરૂદેવના પ્રવચનનો રોજ સવારે ૭.૪૫ થી ૮.૪૫ અને રવિવારે ૯.૪૫ થી શરૂ થશે. આ પ્રસંગે ગાંધીનગરવાસીઓને લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સરદાર સરોવર ડેમમાં વધતી પાણીની આવક

**સરદાર સરોવરની સપાટી ૧૨૦.૬૨ સુધી થઇ : ઉપરવાસમાં વરસાદના લીધે પાણી છોડાતા આવક વધી**




અમદાવાદ, તા.૭

દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં અતિભારે વરસાદના પરિણામ સ્વરુપે એકબાજુ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના પગલે નર્મદા બંધની સપાટી પણ સતત વધી રહી છે. ઉપરવાસમાં વરસાદ બાદ પાણી છોડાતા સપાટી સતત વધી રહી છે. રાજ્યમાં ભારે વરસાદથી સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૨૦. ૬૪મીટરથી ઉપર વહી રહી છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે સરદાર સરોવર નર્મદા ડેમમાં ૪૦૩૪૧ ક્યુસેક પાણીની આવક થઈ છે. રાજ્ય સરકારે ખેડૂતોને આપેલી ભેટ સ્વરૂપે દરરોજ ગુજરાતના ખેડૂતો માટે ૬૦૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે.

# આજે વૉર્ડ-૩ના ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની આગામી ૨૧મી જુલાઈએ યોજાનાર ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે.

પ્રાંત અધિકારી વ ચૂંટણી અધિકારીની કચેરીમાં આ ચકાસણીની કામગીરી થશે. આ એક બેઠકની પેટા ચૂંટણી માટે ૧ ડમી સહિત ૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

૯મી જુલાઈએ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે એ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. આ પેટા ચૂંટણીમાં ત્રણ રાજકીય પક્ષો અને ત્રણ અપક્ષ ઉમેદવારોએ આ જંગમાં ઝુકાવ્યુ છે. મેયર વોર્ડમાં જ તેમજ મનપાની પણ પ્રથમ પેટા ચૂંટણી હોવાથી રાજકીય ઉત્તેજનાઓ વધુ જોવા મળી રહી છે.

# ગાંધીનગર ખાતે ધો-૧૦ વિજ્ઞાનના પાઠયપુસ્તક અંગે શિક્ષકોનો તાલીમ વર્ગ યોજાયો



ગાંધીનગર, તા.૭

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ગાંધીનગરના ઉપક્રમે તા. ૪ થી ૬ જુલાઈના રોજ ત્રિદિવસીય ગાંધીનગર અને ચાંદખેડાના ગણિત-વિજ્ઞાન શિક્ષકો માટે એન.સી.ઈ.આર.ટી.એ પ્રકાશિત કરેલ ધો-૧૦ના વિજ્ઞાનના પાઠયપુસ્તકની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમવર્ગમાં માર્ગદર્શક કે.એસ. પરમાર તથા રીસોર્સ પર્સન મિત્રો રમણભાઈ પટેલ- આર.જી. સ્કુલ, ભુષણભાઈ પંડયા- સ્વામિનારાયણ સ્કુલ, સરોજબેન શેઠ-સી.એમ. હાઈસ્કુલ, ધારાબેન-જે.એમ.ચૌધરી સ્કુલ-શૈલેષભાઈ પટેલ-ધણપ હાઈસ્કુલ, મહેન્દ્રભાઈ ગોહિલ, મુકેશભાઈ પ્રજાપતિ-માગીકૃપા હાઈસ્કૂલના નિષ્ણાંતો દ્વારા પ્રેકટીકલ જ્ઞાનના આદાનપ્રદાન દ્વારા પાઠયપુસ્તકના તમામ પ્રકરણને ખૂબ રસપ્રદ બનાવવા અથાક પરિશ્રમ કર્યો હતો.

જિલ્લાના શિક્ષકોને નવા પાઠય પુસ્તકમાં રહેલી સંકલ્પનાઓ તેમજ વિષય વસ્તુને વધુને વધુ રસપ્રદ બનાવી બાળકોને કેવી રીતે સરળ રીતે અભિપ્રેત કરી શકાય તેની વિવિધ પ્રયુકિતઓ રજૂ કરી માર્ગદર્શન પુરું પાડયું હતું. તાલીમ ભવનના સિનિયર અધિકારીએ પણ હકારાત્મક અભિગમ કેળવી સૌ શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# આખેઆખું રાજ્ય ભીંજવ્યું પરંતુ પાટનગરને વરસાદનું વ્હાલ ક્યારે ?

## ગાંધીનગરને ‘‘અળખામણું’’ ગણતા મેઘરાજા કેમ ભુલી જાય છે કે સૌથી વધુ ઠંડી અને ગરમી પાટનગરવાસીઓ સહે છે

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં ચોમાસુ વિધિવત્ રીતે બેસી ગયું છે અને રાજ્યના દક્ષિણ ગજરાતથી લઈને સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતમાં પણ મેઘ મહેર પ્રાપ્ત થઈ રહી છે, પરંતુ ખબર નહી કેમ રાજ્યનું પાટનગર જ મેઘરાજાનું ‘‘અળખામણુ’’ બની જવા પામ્યું હોય તેમ વરસાદ માટે વલખી રહ્યું છે. છેલ્લાં કેટલાક વર્ષોથી આ સ્થિતિ ગાંધીનગરને અનુભવાઈ રહી છે. જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન સૌથી વધુ ઠંડી તથા સૌથી વધુ ગરમીનો માર સહન કરતા પાટનગરને વરસાદનું વ્હાલ પ્રાપ્ત થતું જ નથી.



જુલાઈ માસનું પ્રથમ સપ્તાહ વીતી ગયું હોવા છતાં શહેરમાં હજુ પણ નોંધપાત્ર કહી શકાય તેવો વરસાદ વરસ્યો નથી જ્યારે રાજ્યમાં સુરત, વડોદરા સહિતના દક્ષિણ ભાગમાં, સમગ્ર સૌરાષ્ટ્રમાં તથા અમદાવાદ સહિત મધ્ય ગુજરાત અને હવે તો હિંમતનગરથી પાલનપુર સુધીના ઉત્તર ગુજરાતમાં પણ વરસાદી મહેર ઓછે-વત્તે અંશે પ્રાપ્ત થઈ છે. આમ છતાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતની વચ્ચે કડીરૂપ સ્થાને વસેલા અને હરિયાળી સંપદા ધરાવતા પાટનગરમાં નાગરિકો હજુ પણ વરસાદી માહોલને ઝંખી રહ્યાં છે. માંડ એકાદ-બે ઝાંપટા સિવાય પાટનગરમાં હૃદયને ટાઢક અને તન-મનને આનંદ થાય તેવો વરસાદ જોવા મળતો નથી. ગત વર્ષે પણ આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળી હતી અને આ વર્ષે પણ આ સ્થિતિ સર્જાતા પાટનગરવાસીઓમાં ચર્ચા જાગી છે કે ગાંધીનગરને વરસાદનું વ્હાલ કેમ નથી મળતુ ? આ સવાલના જવાબ સૌ પોતપોતાની રીતે કલ્પનાના ઘોડા દોડાવી મેળવવા મથી રહ્યાં છે.

# યોજનાકીય કામોની લક્ષ્યાંક સિદ્ધિની સમીક્ષા માટે ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ(ચૌધરી)એ આજે વિકાસ યોજનાઓના અમલીકરણની સમીક્ષા માટે પંચાયતના અધિકારીઓ સાથે ખાસ બેઠક યોજી છે.

બપોરે ૧૨ વાગે પંચાયતના સરદાર હોલમાં તમામ શાખાધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ સમીક્ષા બેઠક થશે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતના સ્વભંડોળમાંથી અમલી બનાવાયેલ યોજનાઓ, વિકાસના કામો, સરકારની વિવિધ યોજનાઓ તેમજ ૧૪મા નાણાં પંચના કામો સહિતના મુદ્દાઓ અંગે આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવશે.

પંચાયતના સ્વભંડોળમાંથી સભ્યોના વિસ્તાર વિકાસના કામોની મંજૂરી ઉપરાંત કેમ અટક્યા છે તેમાંય ખાસ કરીને માર્ગોના કામ, બોરના કામો વિગેરે બાબતોને લઈ સમીક્ષા કરવામાં આવનાર છે.

૧૪મા નાણાં પંચ અંતર્ગત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાથ ધરાયેલા કામોની પ્રગતિ અંગે તેમજ કેટલી ગ્રાન્ટનો વપરાશ થયો તે ઉપરાંત પૂર્ણ થયેલ કામોની સમીક્ષા પણ આ બેઠકમાં થશે.

સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ યોજનાના કામો અને વેરા વસુલાત અસરકારક કરવાને લઈ પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી કલ્યાણ યોજનાઓ છે તેમાં થયેલ કામગીરીની પણ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવનાર છે. જિલ્લામાં આરોગ્ય સેવાઓના ચોમાસાને લઈ સઘનીકરણનો મુદ્દો પણ બેઠકમાં ચર્ચાશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દ્વારા વિકાસના કામો અને ખાસ કરીને યોજનાકીય લક્ષ્યાંકોની સિદ્ધિને લઈ પ્રથમવાર આવી સમીક્ષા બેઠક બોલાવવામાં આવી હોવાથી તંત્ર દ્વારા તે અંગેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com